સુરત જીલ્લાની ભૂગોળ.

સુરત જીલ્લાની નિશાળોના ગુજરાતી બીજા ધોરણ
વાળા વિદ્યાર્થિઓને ખાનગી શીખવા સારૂ

વેચનાર.

મંચેરજી જમશેદજી પોષ્ટવાલા
દુકાન નાણાવટ.



સુરત.
“એદાનખશ પ્રેસ” માં છાપી છે.

કિંમત બે આના.

૨૪૫૭

સુરત જીલ્લાની ભૂગોળ.

દિશાઓ.

સ— છોકરાઓ બોલોતો દિશાઓ કેટલી છે?

જ— દિશાઓ ચાર છે. ઉત્તર, દક્ષિણ, પુર્વ ને પશ્ચિમ.

સ— દિશાઓ કેમ પારખવી તે તમો જાણો છો.

જ— હાજી સુરજ ઉપરથી સુરજ ન દેખાતો હોય તો ધ્રુવના તારા ઉપરથી, અને તારો પણ નહીં દેખાતો હોયતો વાહાણ ના હોકાયંત્રથી એયંત્રને એક સોય હોય છે, તે હમેશા ઉત્તર તરફ રહે છે, ને ધ્રુવનો તારો પણ ઉતરેજ ઉગે છે.

સ— પુર્વ અને પશ્ચિમ દિશા કેમ જાણવી.

જ— જેણીગમ રોજ સુરજ ઉગતો હોય તે પુરવ દીશા અને રોજ સાંજે સુરજ આથમતો હોય તે પશ્ચિમ દિશા જાણવી.

સ— ત્યારે ઉતર અને દક્ષિણ દિશા કેમ જાણય.

જ— આપણે પુરવતરફ મો કરીને ઉભા રહીએતો જેણીગમ આપ ણો ડાબો હાથ આવે તે ઉત્તર, અને જેણીગમ જમણો હાથ આવે તે દક્ષિણ દિશા.

સ— જ્યારે નકશો સામો ટાંગ્યો ત્યારે તેની ચારેદિશા કેમજણાયછે.

જ— નકશો સામો ચતો સીધો મુકયો તો જે ઉપલો ભાગ આવ્યો હતો તે ઉતર દિશા નીચલો ભાગ લબડતો રહ્યો તે દક્ષિણ દિશા, નકશા સામા ઉભાને જેણીગમ જમણો હાથ આવે

પુર્વ દિશા, ને [illegible] ડુબો હાય ત્યાં તે પશ્ચિમ દિશા જાણવી.

(ભુગોળની વ્યાખ્યા.)

સ- છોકરાઓ તમે નકશો જોયો છે, નકશો એટલે શું?

જ- હાજી નકશો એટલે આખી પૃથ્વી કે તેનો કંઇક ભાગ કે દેશ કે શેહેર વગેરે ચિત્રથી જે [illegible] બતાવેલા તે.

સ- સીમાડો સડક અને રેલવે એટલે શું?

જ- સીમાડો એટલે સીમ [illegible] રસ્તો, અને [illegible] રસ્તો

સ- ગામ એટલે શું.

જ- જ્યાં થોડાંક [illegible] ઘરની વસ્તી હોય તે.

સ- ત્યારે ગામડું કોને કહીએ.

જ- જ્યાં ઘણાજ થોડાં ઝુપડાં જેવાં ઘરની વસ્તી હોય તે.

સ- કસ્બો કોને કહીએ.

જ- પ્રગણાનું જે સહુથી મોટું ગામ તેને ક[illegible] છે.

સ- શેહેર કોને કહીએ.

જ- જ્યાં મોટાં મોટાં છાપબંધ ને ઘણાં [illegible] હોય અને સારાં સારાં ચોહટાં તથા બજાર હોય, અને તેમાં ઘણાં પરાં ને ફળીયાં હોય તે શેહેર.

સ- પ્રગણું એટલે શું.

જ- જેમાં મોટાં અને નાના નાના ગામો ઘણાં આવેલાં હોય તે.

સ- ત્યારે તાલુકો એટલે શું.

જ- તાલુકો એટલે મહાલ, અથવા જે પ્રગણું કરીને કહેવાય

[illegible]

જ- જુથલા એટલે જે ઘણાંએક પ્રગણાં અથવા તાલુકા મ
ળેલા તે.

સ- નદી કોને કહીએ.

જ- જે પાણીનો ધોધ પર્વતમાંથી અથવા સરોવરમાંથી નીક
ળીને ઢળતા જગામાં થઈને સમુદ્રને મળે છે તે.

સ- નદીનું મુળ અને મુખ તે શું.

જ- જે પર્વત કે સરોવરમાંથી નદી નીકળે છે તે ઠેકાણાને મુળ
અને જ્યાં નદી દરિયાને મળેછે તે ઠેકાણાને મુખ કહે છે.

સ- ત્યારે ખાડી કોને કહે છે.

જ- દરિયાને મોજાંની આગમજ ભરતીનું પાણી માહે આવે એ
વું નદીનું મુખ જે પોહોળું થાય છે તેને ખાડી કહે છે.

સ- દરિયો કોને કહે છે.

જ- માહાસાગર કરતાં જે નાનો પાણીનો ભાગ તે.

સ- તળાવ કોને કહે છે.

જ- તળાવ એટલે નાનું સરોવર, અથવા જે નાનો પાણીનો
ભાગ ચોતરફ જમીનથી વીંટાયલો તે.

સ- બેટ કોને કહીએ.

જ- ચોતરફ ફરતું પાણી ને વચમાં જે જમીનનો ભાગ તે. [illegible]

સ- બંદર એટલે શું.

જ- નદીકિનારે કે વેપારના મથકનું જે શેહેર અથવા કસ
બો આવેલો તે બંદર-

સ- ડુંગર, પાહાડ અને પર્વત એટલે શું.

જ- જમીન ઉપર જે મોટા ઊંચા ટેકરા હોય તે ડુંગર, એવા એ
વા ઘણાં ડુંગર સાથે જોડાઈને પૃથ્વીની સપાટીથી ઘણા ઉ
ચા તે પાહાડ, અને એવા એવા ઉંચા પાહાડ જોડા...

ને સાથે બાંબા જથરાપલા તેને પર્વત કહે છે.

સુરત જીલ્લો.

છોકરાઓ બોલો સુરતજીલ્લો ક્યાં આવયો છે.

જ– સુરત જીલ્લો એ ગુજરાત પ્રાંતમાં બધા જીલ્લા કરતાં છેક દક્ષિણે આવેલા છે.

સ– સુરત જીલ્લાની ચારે દિશાએ શું શું આવયું છે.

જ– ઉતરે કીમ નદી તથા ભરૂચ જીલ્લો, દક્ષિણે દમણ ગંગા નદી તથા થાણા જીલ્લો, પુરવે વડોદરા તથા રાજપીપળાનું સ્થાન ને ગાયકવાડ વાંસદા તથા ધરમપોરના રાજાનો મુલક પશ્ચિમે ખંભાતનુ અખાત તથા અરબી સમુદ્ર છે.

સ– સુરત જીલ્લામાં નદીઓ થતા ખાડીઓ કઈ કઈ આવી છે. તે બોલો, અને તે દરેકપર ક્યા ક્યા કસબા તથા ગામો આવેલાં છે તેના પણ નામ દો.

જ– કીમ નદી ઉપર–ઇલાવ. કઠોદરા.

સીના નદી ઉપર–જાગવા; ઓરપાડ.

તેના ખાડી-વારવા, તેના ઇછાપોર.

તાપી નદી-સુરત રાંદેર વરીઆવ, વોરા કઠોર કામરેજ, બહુધાન કરોદ, માડવી.

મીંઢોળા નદી—મરોલી, બારડોલી ને વીધારા.

પુર્ણા નદી — જલાલપોર નવસારી મંઢવાડ વાલોડ બુહારી ને અંતાપોર.

આંબીકાનદી— બીલીમોરા, કછોલી, ઉનાઈ.

કાવેરી નદી—ચીખલી. ઓવરંગા નદી—વલસા

પાર નદી—ભગોદ હરીઆ, ઉમરસાડી, બાલદા પારડી.

ગીઆલી અથવા કેથલ ખાડી—૫ બસાણા.

કે ૧૬ નદી—કોલક, બગવાડા, નુકલાડા. દમણ ગંગાનદી-દમણ.

સ- સુરત જીલ્લામાં સૌથી મોટી નદી કઈ, ને તે ક્યાંથી નીકળીને કોને મળેછ.

જ- સઉથી મોટી નદી તાપી, તે સાતપુડાના પહાડમાંથી નીકલી ને ખંભાતના અખાતને મળે છે.

સ- સુરત જીલ્લામાં ડુંગરો કયા કયા આવયા છે.

જ- એમાં એક મોટો ડુંગર વલસાડ પ્રગણામાં પારનેરાનો છે.

સ- સુરત જીલ્લામાં રેલવે કયા કયા પ્રગણામાં આવયો છે.

જ- ઓરપાડ ચોરયાસી જલાલપોર, વલસાડ ને પારનેરા.

સ= એ જીલ્લામાં આગગાડીના રેલવેના સ્ટેશનો કયાં કયાં આવયાછે

જ- એ જીલ્લામાં મોટાં સ્ટેશનો ગાયકવાડી ગામના મલી કુલે ૧૫ છે. તેના નામ. કીમ સાયણ, અમરોલી, સુરત, કાંકરા ખાડી સચીન, મરોલા, નવસારી, અમલસાડ, બીલીમોરા, ડુંગરી, વલસાડ, હરીઆ. પારડી, ઉદવાડા, ને વાપી.

સ સુરત જીલ્લામાં ગામ અને વસ્તી કેટલા માણસની.

જ- ગાયકવાડી ગામ શીવાયે ૮૫૮ ગામ અને એ જીલ્લાની વસ્તી ૭૩૦૯૩૬ માણસની છે.

સ- એ જીલ્લામાં પારસી લોકોની વસ્તી ઘણીખરી કયા કયા ગામો તથા કસ્બામાં છે.

જ- મોરા, સુંહાળી, ભડા, અડાજણ, રાંદેર, સુરત, નવસારી, ગણદેવી, બીલીમોરા, વલસાડ, ઉદવાડા. પાલ, શાંગણપોર.

સ- સુરત જીલ્લામાં જાડાં ગાયકવાડી કસબા તથા મહાલો કયા કયા છે.

જ- સારી, ગલા, વરીઆવ, કામરેજ, ટીંબા, બલેશ્વર, મરોલી તલાજા, મહુવા, નવસારી, ગણદેવી, બીલીમોરા, અનાવલ, અંતાપુર, વલવાડા, વીઆરા વગેરે.

સ- સુરત જીલ્લામાં ગાયકવાડી શિવાય બીજા દેસી રાજ્યો કયાં કયા અને કયાં આવયાં છે.

જ- સચીન સંસ્થાન ચોરયાસી પ્રગણાની હદમાં, વાંસદા સંસ્થાન ચીખલી પ્રગણાની પુર્વે ધરમપોર સંસ્તાન વલસાડ પ્રગણાની પુરવે છે.

સ- સુરત જીલ્લાના કયા કયા ગામોમાં જાત્રા ભરાય છે.

જ= સરસ, ભારા, ફુલપાડા, કતારગામ, બહુધાન, દેવકીઉનાઈ, ઉદવાડ ને કુંતા,

સ= સુરત જીલ્લામાં મીઠાબંદરો કયાં કયા ગામોમાં આવેલાં છે.

જ= એ જીલ્લામાં મીઠાબંદર કુંદીઆણા, જીઆવ, બુડીઆ, બનાર, છરવાડા, વગેરે ગામોમાં આવેલાં છે. પણ છરવાડા શીવાય તે બધાંને હાલમાં બંધ કીધાં છે.

સ= સુરત જીલ્લામાં બંદરની માફક કયા કયા ગામો વેપારને સાર કામમાં આવે છે.

જ= ભગવા, દાંડી, રાંદેર. સુરત, વલસાડ, ઉમરસાડી, કોલક, નેદમણ.

સ= સુરત જીલ્લામાં મુખ્ય પાક શાનો થાય છે.

જ= ડાંગર, કપાસ, જુવાર. ઘઉં, બાજરી. ને શેરડી.

સ= સુરત જીલ્લામાં કેટલાં પ્રગણાં આવયાં છે. તેના નામ દો.

જ= આઠ પ્રગણા છે. તેમના નામ નીચે મુજબ.

સ— સુરત જીલ્લામાં શઉથી ઉતરે કયું પ્રગણું આવલું છે.

જ— ઓરપાડ પ્રગણું એમાં ૧૨૦ ગામ ને વસતી ૬૬૨૫૬ માણશ.

સ— ઓરપાડ પ્રગણાની આસપાસ શું શું આવેલું છે.

જ— ઉતરે કીમ નદી તથા અંકલેસ્વર પ્રગણું, પુરવે ગાયકવાડી ગામ તથા તેની પેલામેર માંડવી પ્રગણું, દક્ષિણે તાપી નદી તથા ચોરયાસી પ્રગણું, ને પચ્છીમે ખંભાતનું અખાત.

સ— ઓરપાડ પ્રગણામાં નદીઓ કઈ કઈ આવી છે.

જ— એમાં ઉતરે કીમ નદી, દક્ષિણે તાપી નદી, ત્રીજી સેના નદી, ઓરપાડ આગલ ને ચોથી તેના ખાડીઇછાપોર ગામ આગળ છે

સ— ઓરપાડ પ્રગણામાં મુખ્ય કસ્બા કયા કયા આવયા છે.

જ— ઓરપાડ ને કુડસદ.

સ— ઓરપાડ કસબામાં કેટલા માણશની વશતી છે, ને તેમાં કોણ છે.

જ— એ કસબામાં આસરે ૪૦૦૧ માણશની વશતી છે. ને તેમાં સબારડીનેટ જડજ મામલેતદાર તથા ફોજદાર રેહે છે.

સ— ઓરપાડ પ્રગણાનાં મોટા ગામના નામ દો.

જ— ભગવા, દાંડી, સરસ, કુદીઆણા, મોરા, સુવાલી, ઇછાપોર, આડાજણ, કોસાડ, અમરોલી. ને વરાછા.

સ— એ પ્રગણાના સરસને મોરા ગામ શાને માટે નામીચાં છે.

જ— જાત્રા માટે.

સ— ઓરપાડ પ્રગણામાં રેલવેના સ્ટેશનો કયાં આવયા છે.

જ— ત્રણ છે કીમ (ભુત બંગલો) સાયણ ને અમરોલી.

સ— ઓરપાડ પ્રગણાની મુખ્ય પેદાશ શું થાય છે.

જ— જુવાર, ઘઉં, ને રૂ.

૧ ઓરપાડ. ૩ માંડવી. ૫ જલાલપોર. ૭ બલસાડ.
૨ ચોરયાસી. ૪ બારડોલી. ૬ ચીખલી. ૮ પારડી.

ચોર્યાંશી.

સ— ઓરપાડ પ્રગણાની દક્ષિણે જતાં કયું પ્રગણું આવે.

જ— ચોરયાસી પ્રગણું એમાં સુરત સીવાય ૪૮૪૩૫ માણસો છે.

સ— ચોરયાસી પ્રગણાનું નામ શાઉપરથી પડેલું છે.

જ— એ પ્રગણામાં અસલ ૮૪ ગામ હતાં તે ઉપરથી. હાલતો એમાંના કેટલાં ગામ ગાયકવાડ તથા નવાબી ગામમાં જુદાં પાડેલાં છે તેથી ફકત ૬૪ ગામ એમાં હાલ છે.

સ— ચોરયાસી પ્રગણાની ચારે દિશાએ શું શું આવેલું છે.

જ— ઉત્તરે તાપી નદી તથા ઓરપાડ પ્રગણું પુરવે ગાયકવાડી બલિસર તથા ગાયકવાડી મરોલી પ્રગણું ને પશ્ચિમે ખંભાતનું અખાત નાથ ઓરપાડ પ્રગણું.

સ— ચોરાસી પ્રગણામાં નદીઓ કઈ કઈ આવી.

જ— એમાં તાપીને મીંઢોળા એ બે નદી છે. તાપી નદી ઉતરે ને મીંઢોળા નદી દક્ષિણે છે.

સ— ચોરયાસી પ્રગણાનું મુખ્ય શેહેર કયું. ને તેમાં કેટલાં માણસની વશતી છે.

જ— મુખ્ય શેહેર સુરત તેમાં ૧૦૭૧૪૯ માણસની વશતીછે ને બીજું નાનું શેહેર રાંદેર તેમાંઆશરે ૧૦૨૮૦ માણસનીવશતીછે

સ- સુરત શેહેર આગળ કેવી હાલતમાં હતું, અને ત્યાર પછી તેને ધોકો કેમ પોહોંચ્યો.

જ— એ શેહેર આગળ ઘણું મોટું પરશાવાળું હતું. એમાં વેપાર ઘણો સારો ચાલતો. અને પૈસાદાર લોકો બહુ રહેતા હતા પણ સંવત ૧૮૭૯ ની મોટી રેલ તથા સંવત ૧૮૮૩ ની મોટી આગ તથા રેલથી એ શેહેરને ઘણું નુકસાન પોહોંચ્યુ છે ને ત્યારપછી એ પડતી હાલતમાં આવ્યું છે.

સ— સુરત શેહેરમાં અંગ્રેજી સરકારે ક્યારે કોઠી ઘાલી.

જ— સને ૧૬૧૨ માં.

સ— સુરત શેહેરમાં દીવાની ફોજદારી કામના કયા કયા અધિકારીઓ રહે છે.

જ— નાજર, પેહેલાને બીજા વરગના સબારડીનેટ જડજ, સ્માલકાજ કોર્ટના જડજ આસિસટંટ જડજ જડજ સાહેબ ફોજદાર ઓમમલતદાર, પોલીસ સુપ્રિનટેનડંન્ટ. હજુર ડીપુટી કલેકટર. ડીસ્ત્રીક્ટ ડીપુટી કલેકટર. આસિસટંટ અને કલેકટર શાહેબ રહે છે. એ સીવાય બીજી જાણવા લાયક મ્યુનીસીપાલીટી ઓફીશ. એક્સીક્યુટીવ એનજીનીઅરની આફીસ. મોટી પોસ્ટ આફીશ. તાર આફીશ. અંગરેજી તથા ગુજરાતી મોટી નિશાળો. ગુજરાતી શરવે આફીસ. દીવાની ફોજ દારી જેલ હોસ્પિટલ અથવા દવાખાના. છાપખાના. ધરમશાળા વગેરે મુકામો તથા આફીસો છે. તે શિવાય સાંચાના સુતરથી કાપડ વણવાના ત્રણ મોટાં કારખાના છે. અને એક કાગળ બનાવવાનુ કારખાનું છે.

સ— ચોરયાસી પરગણામાં મોટાં ગામો કયાં આવયા છે,
જ— કતારગામ. ભાઠા. ઉભરા. કુભારીઆ.
સ— એમાં મીઠબંદર કયા ગામમાં આવયું છે. ને તયાં કોણ રહેછે
જ— મીઠબંદર ઓઆવ ને બુડીઆમાં છે. તયાં સરકારકુન રહે છે.
સ— ચોરયાસી પરગણામાં રેલવેના સ્ટેશનો કયાં આવયાં છે.
જ— સુરત કાંકરાખાડી સચીન ને મરોલી એ ગામમાં છે.
સ— ચોરયાસી પરગણામાં સચીનના નવાબના કેટલાં ગામો છે.
જ— ૧૭ ગામ તેમાં મુખ્ય ઊધનું. પુના. ગવીઅર. કુમમગ ઉન. ભીમપોર. સચીન. વગડાણ. લાજપોર. કનશાડ. વગેરે છે.
સ— એ પરગણાની મુખ્ય ઉપજ શું છે.
જ— જુવાર અને રૂ.

માંડવી.

સ- ચોરયાસીની ઇશાન દિશા તરફ કયું પરગણું આવે છે.
જ— માંડવી પરગણું એમાં ૧૭૨ ગામો ને આસરે ૧૦૦૦૦ માણસો છે.
સ= માંડવી પરગણાની ચારે દિશાએ શું શું આવેલું છે
જ= ઉતરે ગાયકવાડી વસ્ત્રાવી પરગણું પુરવે રાજપીપળાનો સંસ્થાન દક્ષિણે તાપી નદી ને બારડોલી પરગણું પશ્ચિમે ગાયકવાડી કામરેજ પરગણું ને અંગ્રેજી ઓરપાડ પરગણું.
સ= માંડવી પરગણાના કેટલા ભાગ કીધા છે.
જ— સાત, માંડવી, બડુંઆન. પાતળ. દેવગઢ, દઢવાડા, હવેલી ને બારગામ.

સ— એ પરગણામાં ડુંગરો ક્યા ક્યા આવ્યા છે.
જ— દેવગઢ ને પાટળ ટપ્પામાં આવ્યા છે.
સ— માંડવી પરગણામાં નદીઓ કઈ કઈ આવી છે.
જ— તાપી નદી દક્ષિણે બીજી વડીસી નદી છે. તે તાપી નદીને
વરેલી ગામ આગળ મળેછે.
સ= માંડવી પરગણામાં મોટા કસ્બા તથા ગામો ક્યા આવ્યા છે.
જ= મોટો કસ્બો માંડવી તથા બીજો તડકેશ્વર એ શીવાય
બહુધાન ને ઘંટોલી એ મોટાં ગામો છે.
સ= માંડવી પરગણામાં કેટલાં માણસની વસતી છે.
જ= એમાં આશરે ૪૨૯૬ માણસની વસતી છે.
સ= એ પરગણાનું બહુધાન ગામ શાનેવાસતે નામીચું છે.
જ= બારમે વરસે ગોદાવરીની જાત્રા માટે.
સ= માંડવી પરગણાની મુખ્ય ઉપજ સુ થાય છે.
જ= જુવાર, દાદરા, હાવેલી, ડાંગર તથા મધ.

બારડોલી.

સ= માંડવીથી દક્ષિણ તરફ જતાં કયું પરગણું આવે છે.
જ= બારડોલી પરગણું એમાં ૧૨૪ ગામ અને ૭૭૫૦ માણસોછે.
સ= બારડોલી પરગણાની ચારે દિશાએ શું શું આવ્યું છે.
જ= ઊતરે તાપી નદી તથા માંડવી પરગણું. પુરવે ગાયકવાડનું
રાજ્ય દક્ષિણે ગાયકવાડી મહુવા, વલવાડા તથા અંતાપોર
પ્રગણાને પશ્ચિમે ગાયકવાડી કામરેજ બલેશ્વર તથા તેલારા

પરગણાના ગામો.

સ= બારડોલી પરગણામાં નદીઓ કઈ કઈ આવી છે.

જ= એમાં તાપી નદી ઉતરે છે, મધ્ય મીંઢોળા નદી દક્ષિણે પુર્ણા નદી છે.

સ= બારડોલી પરગણામાં મોટા મોટા કસ્બા કયા આવ્યા છે.

જ= બારડોલી, કડોદ, મોતા વાલોડ, વાંકનેર, ને સરભોણ.

સ= બારડોલી કસ્બામાં કેટલા માણસની વસતી છે.

જ= બારડોલી કસ્બામાં આશરે ૪૧૨૯ માણસની વસતી છે.

સ= બારડોલી કસ્બો કયાં આવેલ છે.

જ= બારડોલી કસ્બો મીંઢોળા નદી ઉપર છે.

સ= બારડોલી પરગણામાં મોટાં ગામો કયાં આવયાં છે

જ= વરાડ. દેગામ, બુહારી, ને મોટા વાંકાનેર કંસાલ વગેરે.

સ= બારડોલી પરગણાની મુખ્ય ઉપજશું થાય છે.

જ= ડાંગર, જુવાર, કોદર, કપાસ, તથા શેરડી વગેરે.

જલાલપોર.

સ= બારડોલી પરગણાની નૈરુત્ય દિશા તરફ કયું પરગણું આવ્યું છે.

જ= જલાલપોર પરગણું એમા ૯૫ ગામ અને ૭૦૧૨ માણસો છે

સ= ઉતરે પુરણા નદી ને ગાયકવાડી ગણદેવી તથા તેલારા પરગણું પુરવે ચીખલી પરગણું ગાયકવાડી મહુવા તથા વલસાડ પરગ

છું દક્ષિણે અંબીકા નદી તથા ગાયકવાડી ગણદેવી પરગણું ને પશ્ચીમે દરીઓ આવયો છે.

સ= જલાલપોર પરગણામાં નદીઓ કઈ કઈ આવી છે.

જ= ઉતરે પુરણા નદી ને દક્ષણે અંબીકા નદી વલી ત્રીજી કનઈ કરીને નાની નદી એ પરગનાતી વચમાં આવીછે

સ= એ પરગણામાં મોટા કશબા ક્યાં આવયા છે.

જ= કાળી આવાડી તથા જલાલપોર.

સ= જલાલપોર પરગણામાં મોટા મોટા ગામો ક્યાં આવયાં છે.

જ= મરૂવાડ, અમરોમા, અમલસાડ, કછોલી, આટ, અરસાદ અષ્ટગામ, ને સીસોદ્રા.

સ= જલાલપોર પરગણામાં કાળી આવાડીની ઉતર તરફ જતાં એક મોટો કશબો કયો આવે છે.

જ= નવસારી કસબો પુરણા નદી ઉપર.

સ= જલાલપોર પરગણામાં સચીનનાનવાબના ગામો ક્યાં આવયાંછે

જ= વેડછા કોથા ને વસાણ.

સ= એ પરગણામા રેલવેના સ્ટેસનો ક્યાં આવયાં છે.

જ= એમાં રેલવેના સ્ટેસન ત્રણ છે. નવસારી, અમલસાદ, ને ત્રીજુ દક્ષિણ તરફ બીલીમોરાનું સ્ટેસન છે.

સ= એ પરગણાની મુખ્ય ઉપજ શું થાય છે.

જ= જુવાર, ડાંગર, કોરટી. ને કપાસ.

ચીખલી.

સ= જલાલપોર પ્રગણાની આગની દિશા તરફ જતાં કયું પરગણું આવે છે.

જ- ચીખલી પરગણું એમાં ૬૪ ગામ અને ૫૯૩૫૨ માણસો છે

સ- ચીખલી પરગણાની આસપાસ શું શું આવેલું છે.

જ= ઉતરે જલાલપોર પરગણું તથા ગાયકવાડી નવસારી પરગણું પુરવે વાંસદા સંસ્થાનનું રાજ્ય દક્ષિણે ધરમપોરનું રાજ્ય ને પશ્ચિમે વલસાડ પરગણું તથા ગાયકવાડી ગણદેવી પરગણું

સ= ચીખલી પરગણામાં નદીઓ કઈ કઇ આવી છે.

જ= અંબીકા નદી ઉતરે છે. કાવેરી નદી વચગાળે ચીખલી આગળ જાછે ને ખીજી ઓવરંગા તથા ખરેરા નદી દક્ષિણ દિશા તરફ છે

સ= ચીખલી પરગણામાં મુખ્ય કસબો કયો છે ને તેમાં કેટલા માણસની વસતી છે.

જ= મુખ્ય કસબો ચીખલી, તેમાં ૩૧૭૮ માણસની વસતી છે.

સ= ચીખલી પરગણાની પુરવે ગાયકવાડી રાજમાં એક મોટું જાત્રાનું ગામકયું ને બીજા કસબા કયા છે.

જ= દેવકી ઉનાઇ વરસો વરસ ચયતર શુદ પુનમે મોટી જાત્રા ભરાય છે. ગણદેવી અને બીલીમોરા કસબા છે.

સ= ચીખલી પરગણામા બીજાં મોટાં ગામો ક્યાં આવયાંછે.

જ= દેગામ. ખેરગામ. આલીપુર. ને ગણદેવી.

સ= ચીખલી પરગણાની મુખ્ય પેદાશ શું થાય છે.

જ= કોદરા, ડાંગેર, દીવેલી, મગડી વગેરે

વલસાડ.

સ= ચીખલી પરગણાની પશ્ચિમ તરફ કયું પરગણું આવ્યું.

જ= વલસાડ પરગણું.

સ= વલશાડ પરગણું કેમ થયલું છે.

જ= વલશાડ તથા આગલું પારનેરા પરગણું મલી હાલનું વલસાડ પરગણું થયલું છે.

સ= વલશાડ પરગણાની ચારે દિશાએ શું શું આવ્યું છે.

જ= ઉતરે અંબીકા નદી ને જલાલપોર તથા ગાયકવાડી ગણદેવી પરગણું પુરવે ચીખલી પરગણુ તથા ધરમપોરનું રાજ્ય દક્ષણે પાર નદી તથા પારડી પરગણું ને પશ્ચીમે દર્યો એટલે ખંભાતનું અખાત છે.

સ= વલશાડ પરગણામાં નદીઓ કઈ કઈ આવી છે.

જ= એમાં અંબીકા નદી ઉતરે, કાવેરી તથા ખરેરા નદી ઈશાન તરફ ઓરંગાનદી મધ્ય વલશાડ આગળ. અને પાર નદી દક્ષણે છે

સ= અંબીકા નદીને બીજું નામ શું કહે છે.

જ= અંબીકાને બીજું નામ ગણદેવી વાલી ખાડી કહે છે.

સ – વલસાડ પરગણામાં મોટા કશબા કયા કયા આવીલાછે

જ – વલસાડ ને પારનેરા

સ = પારનેરામાં જાણવા લાયક શુ આવેલછે

જ = પરનેરમાં એક મોટો ડુંગરી કીલ્લો આવેલોછે તે ગાયકવાડ સરકારે બાંધેલોછે ને વલસાડ એ બંદરછે

સ = વલસાડ કસબામાં કેટલા માણસની વસતીછે.

જ = વલસાડમાં ૧૧ કે ૧૪ માણસની વસતીછે.

સ - વલસાડ પરગણાના મોટા ગામના નામકહો

જ - ભદેલી. ઉંટડી. માલવેણુ ભાગડા ઊંડાચ બીચડી કોસંબા પારનેરા મગોદ ભગોદ અતુલ હરીઆ ભુતસર છરવાડા વગેરે તેમાં છરવાડામાં મીઠું પાકેછે

સ = વલસાડ પરગણામાં રેલવેના ઇસ્ટેસનો કયા આવ્યાછે

જ = ડુંગરી ને વલસાડ

સ = વલસાડ પરગણાની મુખ્ય ઉપજ શું થાયછે

જ = શેરડી કાથ દીવેલી કોદરા વગેરે

પારડી

સ = વલસાડ પરગણાની દક્ષિણે કયું પરગણું આવ્યુંછે

જ - પારડી પરગણું એમાં ૮૨ ગામ ને ૫૨૭૮૯ માણસછે

સ = પારડી પરગણાની ચારે દિશાએ શું શું આવ્યુંછે

જ - ઉત્તરે પારડી તથા વલસાડ પરગણું પુરેવ ધરમપુરનું રાજ્ય દક્ષિણે દમણ ગંગા નદી તથા કોકણ પ્રાંતનો મુલક ... ને પશ્ચીમે ખંભાતનું અખાતછે

સ - પારડી પરગણામાં નદીઓ કઈ કઈ આવીછે

જ = ઉતરે પારનદી દક્ષિણે દમણ ગંગા નદી ને ત્રીજી કોલક નદી બગવાડા આગલછેએ સીવાય પરીઆલી ખામ કોથલી વગેરે બીજી ખાડીઓ છે.

સ = પારડી પરગણામાં મોટા કસબા કયા આવયાછે

જ = પારડી ને બગવાડા

સ = પારડી આગલ કોને તાબે હતુ ને તેમા હાલ કેટલા માણસની વસતીછે

જ – પારડી એ આગલ માંડવીના રાજાને તાબે હતું એમાં આસરે ૧૦૦૦ માણસની વસતીછે,

સ = પારડીમા જાણવા શું શું છે

જ = એમા એક ડુંગરી ઉપર કીલોછે તે હાલ તોડાવી નાખ્યોછે મામલતદારની કચેરી હતી તે કહાડી નાખીછે ને ફકત હાલ એક નીસાળછે બગવાડામા આસરે હજાર માણસની વશતીછે

સ = પારડી પરગણાના મોટા ગામના નામ દો

જ = ઉગરસાડી, કોલક, ઉદવાડા, કુંતા, પરીઆ, ગોઈમા, વટાર ડુંગરાડા, અણાસ, વાપી, ને પલસાણા.

સ = એ પ્રગણાનાં ઉગરસાડી ને કોલક ગામ શાને વાસતે નામીચાછે

જ = એ નાના શહેરમાં બંદરો જેવાછે તેથી

સ = તયારે ઉદવાડા ને કુંતાગામ સાને વાસતે નામીચાછે

જ = ઉદવાડામાં પારશી લોકોનુ પુરાતન દેવળછે તેથી ઘણા પાર
શીઓ હર વખત તયાં જાત્રા સારૂ આવેછે વળી એમા હાલ એ
ક દવાખાનુ નીકળ્યુછે ને કુંતાગામમા કુરજ આતાના મનિનપેં
ટર રહેછે તથા તયા હર વરસ બે માસ સુધી કુંતેસર માહાદેવ
ની જાત્રા ભરાય છે તેથીએ બંને ગામ પ્રખ્યાત છે

સ = પારડી પ્રગણામાં રેલવેના સ્ટેશનો કયા આવ્યા છે.

જ - ત્રણ છે પારડી ઉદવાડા ને વાપી એટલે ત્રણમાં જાણવુ
સ્ટેશન

સ - પારડી પ્રગણું સુરત જીલ્લામાં સરકારી કઈ દિશાએ આવ્યુ છે
ને એની નઈરૂતા દીશાએ કયુ પરગણું આવયુછે

જ = એ પરગણું સુરત જીલાના સરકારી દક્ષિન જે એની નઈરૂ
તરફ દમણ પરગણુ આવેલુછે

સ - દમણ કેટલાછે

જ - દમણ બે છે નાનુ દમણ અને મોટુ દમણ

સ = પારડી પરગંણામાં ખુબ પાક શાનો થાયછે

જ = ડાંગર કોદરા દીવેલી સેંગડી ખરસણ વગેરે

સમાપ્ત.

જથાબંધ સસ્તી મળશે.

———:o:———

આ ખબર આપવામાં આવેછે કે શુરત જીલ્લાની જુગોલ સાતે ચોપડીના જુદા જુદા ભાગ અંગ્રેજી સીરીસના મીનીંગો તથા તમામ તરજુમાઓ તમામ વરસની. ચે.પડીઓ ભગાઈસ ગ્રહ, ઈશ્વર, પ્રાર્થના માળા, ગુજરાતી સીરીઝ વગેરે આંકની ચોપડી કોષ્ટકો અને તમામ બીજી જાતની બધી ચોપડીઓ મળશે.

મંગાવનારે બંદોબસ્ત કરવો હોય તો નીચે સહી કરનારને લખી જણાવી કરવો જથા બંધ લેનારને કમીસન આપવામાં આવશે. ઓદાગપ્પશ રીડર શીક્ષક ના ભાગનો ગરજુ ૪ ગુ. ભાગે ગુલ ચીમન ના ગુન શમુદય વધ્ દકની શરવ ... શરગની નીસાની ના સો અંકની ચેપડી રેલનો ગરબો ... રા રૂ. સો નરસી કેશવજીનો ગરબો ૧।। રૂ. સો વધદશાર બીજીના અરથ રા રૂ. રૂ.તીએ સો. હાંથના વાજા વગાડવાની સહેલી રીત. ચ ... કીંમત ચાર આના. આ સરવે ચોપડીઓ તથા બીજી બધી ચોપડીઓ ... માં મ. ચેરજી જમશેદજી પોષ્ટ વાળાની દુકાંનેથી મળશે